# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૨૨૫૧

## સલામી સવારની..

સમાજના ભાગ કરી ગંભીર રોગ લે છે,
સાધુત્વનો અંચળો ઓઢી દંભી યોગ લે છે
શોગ લે છે હત્યા અને હાથા બનનારાનો -
પોતાની મહત્ત્વાકાંક્ષા માટે એ ભોગ લે છે..
(જેલ જનારાં નો વલોપાત)

## હાઈકુ

કુલપતિ તો
- અહીં એવા જ ખપે!
'આદેશ-પાલ'(ક)

કપાઇ ગયો -
જીપીપી ને બાપાનો
દક્ષિણ' હાથ..

## ચિંતન

**વ્યસનસ્ય ચ મૃત્યોશ્ચ વ્યસનં કષ્ટ મુચ્યતે ।**
**વ્યસન્યધોઅધો વ્રજતિ સ્વર્યાત્યવ્યસની મૃતઃ ॥**

વ્યસન અને મૃત્યુ આ બેમાંથી વ્યસન વધુ કષ્ટજનક અને દુઃખદાયી છે કેમ કે, વ્યસનગ્રસ્ત માણસની અધોગતિ જ થાય છે. જ્યારે નિર્વ્યસની માણસ સદાચારી-સદ્ગુણી હોવાથી એના આત્માની ઉન્નતિ થાય છે, અને ઉત્તમગતિને પ્રાપ્ત થાય છે.

અલક્ષ્મી, અસંસ્કાર અને દુઃસંગતને કારણે માણસ જાત જાતના વ્યસનોમાં ફસાય છે, દારૂ-તમાકુ-જુગાર અને માદક-નશા યુકત પીણાનું સેવન કરવું, જુગાર-તીનપત્તી, સોગઠાંબાજી વગેરે વ્યસન જ છે.

વ્યસનથી ભોગ બનેલાં સંતપ્ત માણસ સામાજિક-આર્થિક અને શારીરિક રીતે બેહાલ થઇ જાય છે. સમાજમાં બદનામ થઇ જાય છે, વ્યસન પોષવા માટે નાણાંની જરૂર પડે છે. મર્યાદિત આવકમાં નાણાભીડ થાય અને ગમે તે રસ્તે પૈસો પેદા કરવાની વૃત્તિ જન્મે, પરિણામ 'અનીતિ'નો માર્ગ પણ અપનાવવો પડે છે. વ્યસનથી શારીરિક નબળાઇ રોગો આવે છે અને વ્યસની બધી રીતે બરબાદ થઇ જાય છે.

જ્યારે નિર્વ્યસની સદાચાર દ્વારા સંસ્કારી અને સાત્ત્વિક જીવન જીવી શકે છે, પરિણામે આરોગ્યથી નીતિમય-મૂલ્યલક્ષી જીવન દ્વારા આત્મચિંતન કરી આત્મોન્નતિ કરી શકે છે.

આમ વ્યસનીનું જીવન અધોગતિને પામે છે નિર્વ્યસની સાત્ત્વિક જીવન જીવી શકે છે.

## સુવિચાર

- કામગરા માણસને કામનું જ એક જ ભૂત પજવે છે, પરંતુ આળશુને તો હજારો ભૂત પજવે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- શત્રુ અને રોગની ઉપેક્ષા ન કરો - **કવિ માઘ**
- પ્રેમ સંસારનો પ્રકાશ છે - **ઇસા**
- જેને હારવાનો ભય સતત સતાવે છે તેની હાર નિશ્ચિત છે - **નેપોલીયન**
- પ્રેમપૂર્વક અપાયેલું નાનામાં નાનું દાન પણ મહાન છે - **ફિલમેન**
- દરેક સારું કાર્ય પહેલાં તો અસંભવિત જ લાગે છે - **કાર્લાઇલ**
- સ્ત્રીનું મન સુંદર ફળદ્રુપ જમીન જેવું છે, જો તેમાં સંભાળપૂર્વક એકવાર વિશ્વાસ અને આદરના બીજ ફૂટી જાય તો પછી જોતજોતામાં ત્યાં ઘટાદાર વૃક્ષ થઇ 'પ્રેમ'ના ફળ પાકવા લાગે છે - **એમર્સન**

## બોધ કથા

આપણે ત્યાં તો 'અપવાસ'નું ધાર્મિક મહત્ત્વ છે, અનેક ધર્મમાં મહિના-વર્ષો સુધીના અપવાસ થાય છે, જાહેરમાં બેસી પંદર-વીસ અપવાસની ટેવ વાળા 'રાજકારણ'માં પોતાની હઠ અને સ્થિતિ મજબૂત બનાવવા 'અન્નસન' કરે તેથી કાંઇ 'ગાંધી' ન થઇ જવાય! થોડાં વિકાસના કામ કર્યા તો 'છોટે સરદાર'!! આપણે ત્યાં ચાપલૂસી અને ચમચાગીરીમાં સીમાઓ સચવાતી નથી ને નેતાઓને મનમાં ગમતું હોય છે..

વિયેતનામના માજી રાષ્ટ્રપતિ હોમી વાંગસાઇ, અતિ નમ્ર અને સાદગીપૂર્ણ જીવન જીવનારા, રાષ્ટ્રપતિ હતા ત્યારે પણ માત્ર બે રૂમમાં સરકારી મકાનમાં રહેતા હતા. ગાંધીજીના પ્રખર અનુયાયી હતા.

એકવાર તેઓશ્રી ભારત સરકારના મહેમાન થયા. ભારત આવ્યા. તેમનાં માન-સન્માનના કાર્યક્રમ થયા, પછી તો આપણા નેતાશ્રીઓ બોલવામાં કંઇ બાકી રાખે!

કોઇ એક નેતાએ મીઠું-મરચું ભભરાવી વ્યાખ્યાનમાં કહ્યું, 'શ્રી વાંગસાઇ વિયેતનામના ગાંધીજી જ છે.' તરત હોમી ઉભા થયા, અને વક્તાને અટકાવીને વચ્ચે જ બોલ્યા.

'હું ગાંધીજીનો પ્રખર અનુયાયી છું એ સાચું એમને - એમનાં સિધ્ધાંતોને અનુસરવા પ્રયત્નશીલ પણ છું. પણ મારી સરખામણી ગાંધીજી સાથે થાય એ યોગ્ય નથી, એ ભવ્ય વ્યક્તિત્વ સામે હું તો માત્ર તણખલું છું.'

# 'છોડમાં રણછોડ' ની આપણી વિરાસતની યાદ અપાવીને સમાજના મહિલા વર્ગને બિલી અને શ્રીપર્ણી (સેવન) જેવા માંગલિક વૃક્ષો ઘર આંગણે ઉછેરવા પ્રેરિત કરી શકાય

**લોક સંસદ**
**- જ્યોતિન્દ્ર દવે**

તાજેતરમાં આપણે ધરતી દિવસ મનાવ્યો, અને ઉજવી રહ્યા છીએ વૃક્ષ મહોત્સવ. આજે આબાલ-વૃધ્ધ સૌ વૃક્ષોનું મહત્ત્વ સમજીએ છીએ. તેની પર્યાવરણીય અસરો સૌ અનુભવી રહ્યા છીએ. પરંતુ વૃક્ષોના ઉછેર અને જતન માટે આપણે જાગૃત છીએ ખરા?

ગાંધીનરના વન વિભાગના વડા શ્રી ભાવિન વ્યાસ લોક સહયોગ સાથે વૃક્ષારોપણ ઝુંબેશ ચલાવી રહ્યાં છે. તો આવે ને 'લોક સંસદ' માં આપણે આ બાબતની ચર્ચા કરીએ. વૃક્ષ ઉછેરવા જેટલું જ મહત્ત્વનું કામ વૃક્ષને કપાતા બચાવવા, તેનું રક્ષણ કરવાનું છે. આમાં સામાજિક ભાગીદારી ઉભી કરી શકાય?

'લોક સંસદ'માં ચર્ચા-વિચારણાના પ્રારંભમાં મારા વિચારો રજૂ કરું છું. સમાજના તમામ વર્ગના નાગરિકોને પોતાના વિચારો રજૂ કરવા આહ્વાન છે.

**સાંપ્રત સમસ્યાઓ પર સમૂહ ચિંતન**

આપણા સમવાપી લોકશાહી માળખામાં ચર્ચા - વિચારણાનું ભારે મહત્ત્વ છે. આપણા સામાજિક વિકાસ તેમજ પ્રશ્નો અંગે લોકો ઘણું વિચારતા હોય છે. નાગરિકોના આવા રચનાત્મક વિચારોને વ્યક્ત કરવા નવું કોલમ - 'લોક સંસદ' રજૂ કરતાં આનંદ થાય છે. પાટનગર એવા આપણા ગાંધીનગરની વિશિષ્ટતા એ છે કે, તમામ એવા આપણાં ગાંધીનગરની વિશિષ્ટતા એ છે કે તમામ ક્ષેત્રોના વિચારકો, ઉત્કૃષ્ટ વહીવટોદારો અને શિક્ષણવિદો આ નગરમાં વસે છે. સાંપ્રત સમસ્યાઓના સમૂહ ચિંતનમાં સૌને જોડાવા આહ્વાહન છે. આપના વિચારો ટૂંકાણમાં આમની તસ્વીર સાથે 'ગાંધીનગર સમચાર'ને મોકલો. jyotindradave@gmail.com પર પણ મોકલી આપો. - તંત્રી

### વૃક્ષો ખરેખર ઉછેરવા છે?
### - આ રહ્યા ઉપાયો -

**૧. વનસંરક્ષકોની માહિતી જાહેર કરીએ**

સેકટરના શોપિંગ સેન્ટર પર કાયમી બોર્ડ મુકીને તેના પર તે સેકટરના વનસંરક્ષક એન તેના ઉપરના અધિકારીના નામ અને સંપર્ક નંબર જણાવો. વનસંરક્ષક કયા દિવસે તે સેકટરમાં આવે છે, તે પણ જણાવો. સેકટરમાં વૃક્ષ કાપવાની પ્રવૃત્તિ થાય તો ફોનથી માહિતી આપવા લોકોને આહ્વાહન કરો. નજીકમાં આવેલી સરકારી નર્સરીના નામ, સરનામા, ફોન નંબર દર્શાવો. જેથી લોકો જરૂરિયાત મુજબ રોપા મેળવી શકે.

**૨. વૃક્ષ કાપવા અંગેની સજાની વિગતો દર્શાવીએ**

વૃક્ષ કાપવા અથવા તેને નુકશાન કરવા માટેની સજાની વિગતો આ જ બોર્ડ પર દર્શાવો. માહિતી પુરી પાડનાર વ્યક્તિની ઓળખ ખાનગી રાખવાની જાહેર બાંહેધરી આપો. ફરિયાદ માટે અરજીની જરૂરિયાત દૂર કરો.

**ભવિષ્યના ચર્ચાના વિષયો**

૧. પાર્કિંગ
૨. ગ્રાહક જાગૃતિ જ ઉપાય : શાક માર્કેટનો કકળાટ
૩. આ રખડતા ઢોરોનું કરવું શું?
૪. વધતી વસ્તી - વાહન વ્યવહાર વકર્યો
૫. અસ્થાયી મજૂર વર્ગ : ઝૂંપડપટ્ટી - આપણી લાચારી

**સંપર્ક : ૯૭૨૬૦૬૦૬૭૩**

**૩. લોક ફરિયાદના અમલની પ્રતીતિ કરાવીએ**

વૃક્ષ કાપવા અંગેની લોક ફરિયાદોનો તરત નિકાલ આવે તેવું તંત્ર ગોઠવવું અનિવાર્ય છે. વૃક્ષ કાપવા અંગે કેટલા લોકોને સજા થઇ તેના નામ-ઠામ વખતોવખત વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધ કરીએ. કાયદામાં આ માટેની સજાની જોગવાઇ સામાન્ય હોય તો કડક સજા માટે કાયદામાં સુધારો કરો.

**૪. સૂકાયેલાં વૃક્ષોની જગ્યો પૂરક વૃક્ષારોપણ કરીએ**

મહત્ત્વના રોડ પર અગાઉનાં વર્ષોમાં પ્લાન્ટેશન થયાં છે ત્યાં સંખ્યાબંધ વૃક્ષો ઉછર્યા નથી કે સૂકાયાં છે. તે સ્થળે નવા રોપા વાવવાથી રસ્તાની સુંદરતા જળવાઇ રહેશે. ચોમાસા પછી વૃક્ષોની નડતરરૂપ ડાળીઓને દૂર કરવાની કામજી પણ લેવાવી જોઇએ.

**૫. વૃક્ષો માટે રક્ષિત વિસ્તાર ગંદકીમુક્ત રહે**

જે વિસ્તાર જંગલ ખાતાનો આરક્ષિત છે તેની વાડ સતત રીપેર થતી રહે તેવી વ્યવસ્થા ગોઠવીએ, જેથી ઉછરતાં વૃક્ષોને પશુઓ દ્વારા થતું નુકશાન નિવારી શકાશે. વૃક્ષ આરક્ષિત વિસ્તાર દબાણયુક્ત અને ગંદકીમુક્ત રહે તે અતિ આવશ્યક છે. આ મહત્ત્વની કામગીરીમાં લોક સહયોગ જરૂરી બનશે.

**૬. જન્મ દિવસે અને લગ્નપ્રસંગે વૃક્ષારોપણ**

પોતાના જન્મ દિવસને અને લગ્નપ્રસંગને યાદગાર બનાવવાનું સૌ કોઇને ગમે. કુટુંબીજનોની હાજરીમાં પોતાના દ્વારા જન્મ દિવસે કે લગ્ન પ્રસંગે ઘર આંગણે વૃક્ષ વાવવાથી તેના ઉછેરની જવાબદારી પણ કૌટુંબિક બની રહેવાની. ગાંધીનગરની મહત્ત્વની સ્વૈચ્છિક સંસ્થાઓ પોતાના સભ્યોને તેમના જન્મ દિવસે શુભેચ્છા પત્ર મોકલાવે છે. આવા પત્રની સાથે એક રોપો પણ મોકલાય, તેને રોપવાનો કૌટુંબિક કાર્યક્રમ યોજાય તો સોનામાં સુગંધ ભળશે. પ્રથમ વખત ફોલ્ડિંગ પીંજરાની વ્યવસ્થા જંગલ ખાતું સંસ્તાઓની સહાયથી કરે. પાટનગરની બેંકો, કંપનીઓ વગેરે પોતાનું સોશિયલ ડેવલપમેન્ટ ફંડ આ માટે ફાળવી શકે.

**૭. પીંજરાની ડિઝાઇન બદલીએ**

વૃક્ષ ઉછેર પછી પણ વારંવાર ઉપયોગમાં લઇ શકાય તેવા ફોલ્ડીંગ પીંજરા (બે ભાગ છૂટા પાડી શકાય તેવા) વન ખાતું સ્થાનિક મેન્યુફેક્ચરર પાસેથી ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા કરી શકે. વાંસના પીંજરા સેકટર-૨૧ ડિસ્ટ્રીક્ટ શોપિંગ સેન્ટરમાં મુકાયા છે. આવા પીંજરા સસ્તા હશે અને સહેલાઇથી ઉપલબ્ધ થઇ શકતા હશે. વાંસની પટ્ટીના પીંજરાને સ્વીકારીએ.

**૮. ક્ષેત્રિય કર્મચારીઓ નાગરિકોને જવાબદાર બને**

વી.આઇ.પી.ની સેવામાં રોકાતા હોવાને કારણે કેટલાક ક્ષેત્રિય કર્મચારીઓ પોતાની કામગીરીને ન્યાય ન આપી શકે તેવું બનવા સંભવ છે. લોક જાગૃતિના સંદર્ભમાં સૌ કર્મચારીઓ હવે નાગરિકોને જવાબદાર બને તે આજની આવશ્યકતા છે. લોકભાગીદારીની આ શરત છે. ક્ષેત્રિય કર્મચારીઓ વનખાતાના યુનિફોર્મમાં તેમની કામગીરીના સ્થળે ફરજ બજાવે તેવું તંત્ર અનિવાર્ય છે. સેકટરમાં બોર્ડ ઉપર કર્મચારીઓની વિગતો મુકવાથી ફરજ પાલનમાં નિયમિતતા આવશે.

**૯. વૃક્ષ આપણી સંસ્કૃતિ**

'છોડમાં રણછોડ' ની આપણી વિરાસતની યાદ અપાવીને સમાજના મહિલા વર્ગને બિલી અને શ્રીપર્ણી (સેવન) જેવા માંગલિક વૃક્ષો ઘર આંગણે ઉછેરવા પ્રેરિત કરી શકાય. મહિલા ભંજન મંડળો દ્વારા સભ્યોના ઘેર ભજનનાં કાર્યક્રમો યોજાતા હોય છે. આવા કાર્યક્રમોનો પ્રારંભ વૃક્ષારોપણથી કરાવી શકાય.

**૧૦. સંસ્થાઓની માસિક સભામાં વૃક્ષનો મહિમા**

ગાંધીનગરની સ્વૈચ્છિક સંસ્થાઓની માસિક સભામાં વૃક્ષનો મહિમા દર્શાવતું પ્રદર્શન - પ્રવચન પ્રસંગોપાત યોજી શકાય. દા.ત. સિનિયર સિટીજન્સ કાઉન્સિલ, અક્ષર પુરૂષોત્તમ સ્વામીનારાયણ સંસ્થાન વગેરે. શાળાઓમાં આ વિષય પર ચિત્ર સ્પર્ધા, વકૃત્ત્વ સ્પર્ધા યોજી આપણા યુવા નાગરિકોને વૃક્ષપ્રેમી બનાવી શકાય. યાદ રહે યુવા અને માતા જીદ કરીને વૃક્ષ ઉછેરી શકે.

# માણસ અને ચીમ્પાન્ઝીની માફક બોનોબો પણ બુધ્ધિશાળી મનાય છે, તે પોતાની સમસ્યાઓનું નિરાકરણ કરી શકે છે અને જંગલોમાં અવાજ અને ઇશારાઓથી પોતાના સમૂહમાં સંદેશાવ્યવહાર પણ કરે છે

**વન્યસૃષ્ટિ પરિચય**
**- હેમંત સુથાર**

પૃથ્વી પરના જીવોમાં વધુમાં વધુ બુધ્ધિશાળી પ્રાણી તરીકે માનવે પોતાનું સ્થાન પ્રથમ ક્રમે મેળવેલું છે. ત્યારબાદના અન્ય જીવોની વાત કરીએ તો ચીમ્પાન્ઝી અને બોનોબોને મુકી શકાય. વૈજ્ઞાનિકોનાં મત મુજબ જનીનીક પુરાવાઓ પ્રમાણે, બોનોબો અને માણસોનાં વડવા વર્ષો પહેલાં જ એક જ હતાં. સસ્તન પ્રાણીઓનાં અગ્રિમ કૂળ - પ્રાઇમેટસ્માં વાનર (Monkey) કપિ (Apes), લેમૂર (Lemure) અને માણસનો સમાવેશ થાય છે.

અગ્રિમ કૂળ અંગૂઠો ધરાવે છે. તેથી અંગૂષ્ઠધારી તરીકે પણ ઓળખાય છે. હાથ અને પગમાં પાંચ-પાંચ આંગળાઓ ધરાવતાં આ પ્રાણીઓ આંગળી અને અંગૂઠાની મદદથી ચીજ-વસ્તુઓ પકડી શકે છે. તેમનો ચહેરો આગળની તરફ જોઇ શકે તે મુજબની આંખો ધરાવતો હોય છે. આવા જીવો જરૂર જણાયે બે પગે ચાલી પણ શકે છે. અને તેમનો ચહેરો આગળની તરફ જોઇ શકે તે મુજબની આંખો ધરાવતો હોય છે. આવા જીવો જરૂર જણાયે બે પગે ચાલી પણ શકે છે અને તેમનાં દાંતની રચના સાદી હોય છે, વાંદરા, માંકડા, લેમૂર, ગોરીલા, ગીબ્બન, ઉરાંગ-ઉટાંગ, લોરીસ, ચીમ્પાન્ઝી, બોનોબો વગેરે પ્રાઇમેટસૂમાં સામેલ પ્રાણી જાતિઓ છે.

શરીરના કદ પ્રમાણે હાથીના મગજનું વજન છછૂંદરના મગજમાં વજન કરતાં વધારે હોય તે સ્વાભાવિક છે. પરંતુ મગજના વજનની સરખામણી પ્રાણીના શરીરના વજનના પ્રમાણમાં કેટલી છે તે ખાસ જોવામાં આવે છે. માછલીઓ અને સરિસૃપો (સાપ, મગર, કાચબા, ગરોળીઓ) ના મગજનું વજન સરીરના વજનનાં પ્રમાણમાં ઓછું હોય છે. ત્યારબાદ પક્ષીઓ અને સસ્તન પ્રાણીઓનાં શરીરના કદના પ્રમાણમાં મગજનું કદ વધારે હોય છે. આ બધાં જ પ્રાણીઓમાં સસ્તન વર્ગના પ્રાણીઓમાં આવતાં અગ્રિમ કૂળ (પ્રાઇમેટસૂ) ના મગજનું વજન શરીરના વજનના પ્રમાણમાં અન્ય સસ્તન પ્રાણીઓ કરતાં ત્રણ ગણું હોય છે અને માછલીઓ અને સરિસૃપો કરતાં તે ૩૦ ગણું વધારે હોય છે.

પ્રાઇમેટસૂ પ્રાણીઓમાં મગજનું વધુ વજન ધરાવતાં પ્રાણીઓનાં કેટલાંક નામોમાં રીંગટેઇલ લેમૂર - ૨૪ ગ્રામ, તાલાપોઇન મન્કી - ૨૯ ગ્રામ, કેપુચીન મન્કી - ૮૦ ગ્રામ, ચીમ્પાન્ઝી - ૪૨૦ ગ્રામ, ગોરીલા - ૪૬૫ ગ્રામ જેટલું મગજ ધરાવે છે અને આ બધામાં માણસ - ૧૩૦૦ ગ્રામના મગજના વજન પ્રમાણે પ્રથમ સ્થાને આવે છે.

બોનોબો જાતિના ચીમ્પાન્ઝી ૧૫ લાખ વર્ષ પહેલાં ચીમ્પાન્ઝીમાંથી અલગ પડ્યા તેથી તેમને કદમા પ્રમાણમાં નાના હોઇ પીગ્મી ચિમ્પાન્ઝી પણ કહે છે.

માણસ અને ચીમ્પાન્ઝીની માફક બોનોબો પણ બુધ્ધિશાળી મનાય છે. તે પોતાની સમસ્યાઓનું નિરાકરણ કરી શકે છે અને જંગલોમાં અવાજ અને ઇશારાઓથી પોતાના સમુહમાં સંદેશાવ્યહાર પણ કરે છે. અન્ય પ્રાણીઓનાં હાવભાવ અને વર્તણૂંકની આબેહૂલ નકલ પણ કરી શકે છે.

બુધ્ધીશાળી બોનોબો - કાનમી

અમેરિકાના એટલાન્ટાના ભાષા સંશોધન કેન્દ્રમાં પ્રાઇમેટો લોજીસ્ટ સૂઇસેવેગે પાસે એક બોનોબોનું બચ્ચું હતું. તે બચ્ચાંની માને ભાષાની તાલીમ અપાઇ રહી હતી, તે દરમિયાન તેનું બચ્ચું રસપૂર્વક ચિત્રોની મદદથી શીખવવામાં આવતી અંગ્રેજી ભાષાના શબ્દો શીખવા લાગ્યું હતું.

વર્ષ ૧૯૮૦ થી ૨૯મી ઓક્ટોબરે જન્મેલું બોનોબો (પીગ્મી ચીમ્પાન્ઝી) નું બચ્ચું કે જેનું નામ કાનઝી રાખેલ છે તે આજે વિશ્વ પ્રસિધ્ધ બની ચૂક્યું છે. અંગ્રેજી ભાષામાં બોલાતા ૪૫૦ જેટલા શબ્દોને તે કોમ્પ્યુટર સ્ક્રીન પર સ્પર્શ કરીને તેના ચિત્રોની




મદદથી ઓળખી બતાવે છે. કાનઝી સૂકા લાકડા ભેગા કરીને માચીસની મદદથી અગ્નિ પેટાવી શકે છે. ઘરમાં લાઇટની સ્વીચ ચાલુ કે બંધ કરવાની સૂચનાનું તે પાલન કરે છે. ફૂગ્ગા ફુલાવવાનું કહેવામાં આવે ત્યારે તે મોઢાથી હવા ભરીને ફુગ્ગો પણ ફુલાવે છે.

બોનોબો કાનમીને પથ્થરોમાંથી હથિયાર બનાવવાની વૈજ્ઞાનિકો દ્વારા તાલીમ અપાતાં તે પથ્થરનું ચપ્પુ અને અન્ય સાધનો બનાવતાં શીખી ગયેલ હતું.

કાનઝી બોનોબો ચીમ્પાન્ઝીને તેની બે બેનો સાથે ગ્રેટ એપ ટ્રસ્ટ દ્વારા અમેરિકાના લોવા શહેરમાં સારી સગવડ ધરાવતી જગ્યાએ રહેઠાણ અપાયેલ છે. ત્યાં આ પ્રાણીઓ બટન દબાવીને ઘરનાં દરવાજા ખોલે છે. બટન દબાવીને માઇક્રોવેવ ઓવનમાંથી ભાવતાં ખોરાક મેળવે છે. ડીવીડી પર જાતે બટન દબાવીને ગમતી ફિલ્મો જૂએ છે.

કાનઝીને નૃત્ય શીખવવામાં આવતાં તે નકલ કરીને નૃત્ય પણ કરે છે. લીલા રંગનો બોલ તેનું ગમતું રમકડું છે. ચેસ તેની ગમતી રમત છે અને ડુંગળી તથા ઓરેન્જ સોડા વીથ ચેરી તેનો ભાવતો ખોરાક છે.

આપણને માતૃભાષા સિવાયની કોઇ ભાષા શીખવામાં જેટલી તકલીફ પડે છે તેમ ચીમ્પાન્ઝી અને બોનોબોને પણ પોતાની ભાષા સિવાયની ભાષા શીખવામાં તકલીફ પડી શકે.

થોડા ગ્રામ મગજના વધુ વજનને કારણે માનવી આજે અન્ય જીવો પર પ્રભુત્વ ધરાવે છે. ત્યારે અન્ય પ્રાણીઓ આપણાથી બહુ ઉતરતાં છે તેવું સમજવાનું વધારે ગૌરવ કરવા જેવું નથી.


## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**


**૨જી સપ્ટેમ્બર**

- ગુજરાતના મોન્ટેસરી - પ્રાથમિક શિક્ષણમાં રચનાત્મક કાર્ય કરનારા તારાબેન મોડકનો જન્મ.

  ૧૯૬૨માં ભારત સરકારે તેમણે પદ્મભૂષણનો ખિતાબ આપ્યો.
- ૧૯૪૬માં પ્રધાનમંડળના ૧૨ સદસ્યોની વચગાળાની સરકાર અસ્તિત્વમાં આવી.



- જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા વિ.સ. ખાંડેકરનું અવસાન - ૧૯૭૬.
- ૧૯૦૫માં રશિયામાં ભયાનક દુષ્કાળ પડ્યો.
- ૧૯૯૬માં જીનિવા



ખાતે ઝડપી ચેસ હરિફાઇમાં ગેરી કોસ્પારોવને ગ્રાન્ડ માસ્ટર વિશ્વનાથ આનંદે હરાવ્યા.

# ગુજરાત પ્રિવેન્શન ઓફ ગેમ્બલિંગ એક્ટ : ૨૦૧૧ની સરળ સમજૂતી (જુગાર ધારો)

**વાત કાનૂન કાયદાની...**
**- અશ્વિન વી. ત્રિવેદી**

ગુજરાતમાં શ્રાવણ માસમાં જુગાર રમવાની પ્રથા છે. જેના ઉપર પ્રતિબંધ મુકવા, બંધ કરવા સરકારે અમુક પ્રતિબંધ મુક્યા છે. બહુચર્ચિત 'કલગીકાંડ' પણ જુગારની પ્રવૃત્તિઓ માટે કુખ્યાત બનેલ છે. તાજેતરમાં જ છેલ્લા બે મહિનામાં ગુજરાત પોલીસે જુગારીયાને પકડવા ફાર્મ હાઉસ, કલબ, ઘર હોટેલ, ઉપર વ્યાપક પ્રમાણમાં રેડ પાડેલ. જેને અખબારમાં વિસ્તૃત રીતે પ્રસિધ્ધ થયા પ્રતિષ્ઠિત વ્યક્તિઓના નામ જાહેર થતા. બદનામી સમાજમાં થયેલ છે. તેમ છતાં આ ધારાનું ભંગ ચોરે ચૌટે કરતાં આવે છે.

૧૮૯૫થી આ ધારામાં ૧૯ વખત સુધારા વધારા કરવામાં આવ્યાં છે. ભારતમાં અને પરદેશમાં પણ જુગારને ધિક્કારવામાં આવ્યો છે. પરંતુ પરદેશમાં UK, USA, સિંગાપોર, બેંગકોક જેવા પર્યટક સ્થળે જુગારખાના ચલાવવા સરકાર લાયસન્સ આપે છે. જેને કાયદેસરતા છે. ભારતની સરહદે અડીને આવેલ નેપાળમાં જુગારખાના કાયદેસર રીતે ચલાવવામાં આવે છે.

ઋગ્વેદમાં અને મહાભારતમાં જુગારને તથા જુગાર રમનારને ગુપ્ત ચોર માનવામાં આવ્યો છે. જેનો સમાજમાં ધૃણાથી નજરેથી જોવામાં આવે છે. જુગાર રમનારને જુગારના સાધનો, રોકડ, મોબાઇલ, ગાડી, કિંમતી ઝવેરાત સાથે જપ્ત કરવાના કાયદા છે.

મુસ્લિમ કુરાનમાં પર જુગાર રમવાની મનાઇ કરી છે. હિન્દુ શાસ્ત્રમાં કયાંય જુગારને સ્થાન નથી તેમ છતાં 'શ્રાવણીયો જુગાર' પ્રખ્યાત અને કુખ્યાત છે.

આર.એમ.ડી. અમર બાગવાળાના કેસમાં જુગાર એ વ્યાપાર (ટ્રેડ) ધંધો, અથવા વાણીજ્ય ગણાય તો બંધારણની કલમ ૧૯(૧)જી અને ૩૦૧ ને સાથે વાંચતા તેવી પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મુકવો કે અટકાવવી એ મૂળભૂત હક્કોના ભંગ સમાન જણાવેલ પરંતુ સુપ્રીમ કોર્ટ આવી દલીલ ના સ્વીકારી સજા કાયમ રાખેલ.

લોટરી પણ એક જુગાર જ ગણવામાં આવેલ છે. પરંતુ અન્ય રાજયોમાં તેનાથી રેવેન્યુ (આવક) ઉભી થતી હોય ખુદ રાજ્ય સરકાર લોટરી બહાર પાડે છે. ગુજરાતમાં લોટરીને પણ પ્રતિબંધિત ગણવામાં આવેલ છે.

ઘોડા દોડના મેદાન માટે તેને આપવામાં આવેલા લાયસન્સની શરતો હેઠળ તે હેતુ માટે વાડાબંધ જગામાં અને હાજર રહેલ વ્યક્તિ જ અન્ય આવેલ વ્યક્તિ સાથે ઘોડાની હોડ લગાવી શકે છે. જેમાં શરત એ મુખ્ય આશય હોવો જોઇએ.

ઘણી જગ્યાએ વરસાદ, રૂ, એરંડા, અફીણ, શેરસ્ટોક ઉપર શરતો મારવાના ઇરાદે, હોડ બકવામા ઇરાદે, પણ જુગાર રમવામાં આવે છે. ક્રિકેટના સટ્ટાને, હારજીતની શરતને, પણ 'બુકી' દ્વારા લેવાતાં બેટીંગને પણ જુગાર ગણવામાં આવ્યો છે. જુગાર રમવાના સ્થળને અડ્ડા તરીકેની વ્યાખ્યામાં લેવામાં આવેલ છે. વરલી-મટકાના આંકડાના જુગારને પણ પ્રતિબંધીત ગણવામાં આવ્યો છે. ૧૯૭૨ ગુજરાતના અધિનિયમની કલમ ૧૬ (1), (F) માં વરલી-મટકાને જુગાર તરીકે જ ટ્રીટ કરવામાં આવે છે.

મકાનમાં, ફાર્મમાં, જુગાર રમાડવામાં આવે તો માલિકની ધરપકડ પણ કરવામાં આવે છે. કલમ ૩-૪-૫ તથા ૧૨ મુજબ જામીન લાયક ગુનો ગણવામાં આવે છે. ફર્સ્ટ કલાસ મેજિસ્ટ્રેટ રૂબરૂ રજૂ કરતાં જામીન ઉપર છોડવામાં આવે છે. જપ્ત કરેલ મુદ્દા માલ અંગે અલગથી પુરાવા રજુ કરી છોડવા માટે અરજી ગુજારતા કેસનાં સંજોગો આધીન યોગ્ય શરત આધિન મુદ્દામાલ રોકડ સિવાયનો છોડવાનો હુકમ કરે છે. આવો મુદ્દામાલ. કેસ પુરો ના થાય ત્યાં સુધી અન્ય ત્રાહિત વ્યક્તિને વેચવા ઉપર પ્રતિબંધ પણ કોર્ટ મુકી શકે છે. કેસ કબૂલાતમાં આવે તો આરોપીને યોગ્ય રકમનો દંડ તેમજ સમાજસેવા. દા.ત. સિવિલ હોસ્પિટલમાં કચરો વાળવો, પાંજરાપોળમાં ઘાસચારો નાખવો, અગર તો કોર્ટ સમય સુધી જેલની સજા કરવાનો અધિકાર મેજિસ્ટ્રેટ ને આપવામાં આવ્યાં છે.

પ્રથમ વખતના ગુના માટે ત્રણ માસથી ઓછી મુદ્દતની સજા સાથે પાંચસો રૂપિયા દંડ કરી શકે છે. વધુમાં વધુ બે વર્ષની સજા કરવાના અધિકાર જજ પાસે છે. બીજી વખત જુગાર રમતાં પકડાય તો એક વર્ષની કેદ અને એક હજાર દંડ ત્રીજી વખત પકડાય તો એક વર્ષની સજા અને બે હજાર દંડની જોગવાઇ કાયદામાં છે. ૧૯૭૩ની કલમ ૩૬૦ ની પેટા કલમ ૧, ૪, ૫ અને ૬ માની કોઇ પણ મજકુર કલમ મુજબ ગુનેગારને પ્રોબેશન અધિનિયમ ૧૯૫૮ની જોગવાઇઓ મુજબ લાગુ પડે છે. જુગારના અડ્ડાની નોટ, રોજમેળ, ટોકન, કાઉન્ટર કુપનો, વિગેરે ૬-૪ મુજબ મુદ્દા માલ ગણી કબજામાં હોય તેને આરોપી તરીકે લેવામાં આવે છે.

સમાજમાં જુગારીઓને ધૃણાની નજરે જ જોવામાં આવે છે તેમ છતાં આધુનિક યુગમાં પૈસાના અતિરેકના કારણે નબીરાઓ ખુબ જ જુગાર રમે છે. જે ગેરકાયદેસર હોય પકડાતા યોગ્ય સજા કોર્ટ દ્વારા કરવામાં આવે છે.